सत्यमेव जयते

કેસ રજુ તા.:૧૫/૧૨/૨૦૨૫.
કેસ દાખલ તા.:૧૫/૧૨/૨૦૨૫.
કેસ ફેંસલ તા.:૦૪/૦૬/૨૦૨૬.
અવધિ :–વર્ષ. માસ. દિવસ.
૦૦ ૦૫ ૧૯

***મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી કેસ નં.–૧૯૩૦/૨૦૨૫.**

**આંક–૨૫**

**ફરિયાદી.** :– **શ્રી સરકાર.**
(અલંગ પો.સ્ટે., A-પાર્ટ, ગુ.ર., નં.–૫૦૪૧૧/૨૫).

**વિરૂધ્ધ**

**આરોપી** :– **મુકેશ રામકુંવાર મીણા.**
ઉ.વ.આ.–૩૫, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. બોયા કા ઝોંપડા, વિજયગઢ, થાના–હિંડોલી,
તા.હિંડોલી, જિ.બુંદી, રાજસ્થાન.

**–: ગુન્હો :–**

***ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ અન્વયે.***

---

*સરકાર તરફે :–વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી વિ.જી.વાઘેલા.*

---

**–: ઠરાવ :–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઈ તા.૧૦/૯/૨૦૨૫ના રોજ કલાક:૬/૪૫ વાગ્યાના સુમારે, આ કામના ફરીયાદીના કાકા જીવરાજભાઈ તથા શામજીભાઈ બન્ને પોતાનું એચ.એફ.ડિલકસ મો.સા. નં.GJ-04-BS-0574 વાળુ લઈને તળાજા તાલુકાના રાજપરા નં.-૨ ગામથી વાડીએ કામ કરવા જતા હતા તે વખતે, રાજપરા નં.-૨ ગામના બાયપાસના છેડે પહોંચતા, આ કામના આરોપીએ મહિન્દ્રા કંપનીના BLAZO XSS મોડેલના ૨૨ ટાયરવાળા ટ્રક નં.RJ-20-GC-2447 ને પૂરઝડપે અને બેફિકરાઈથી, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના કાકા જીવરાજભાઈ તથા શામજીભાઈના મો.સા. સાથે ભટકાડી, એક્સીડેન્ટ કરી, બન્ને જણાના મૃત્યુ નિપજાવી, ગુન્હો કર્યાની ફરિયાદ ફરિયાદીએ અલંગ પો.સ્ટે.માં નોંધાવતા, A-પાર્ટ, ગુ.ર., નં.-૫૦૪૧૧/૨૦૨૫થી ગુનો નોંધી, ત.ક.અ.શ્રી ધ્વારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ-૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાજશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજિસ્ટરે ફોજદારી કેસ નં.-૧૯૩૦/૨૦૨૫ આપવામાં આવેલ.

(૨) આ કામના આરોપી સામે ચાજશીટ રજુ થતા, આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરેલ અને આરોપીને સમન્સ બજતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. તે બાદ, બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે, આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ -૧૯૩ મુજબના ચાજશીટ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડયાની ખાતરી કરી, બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૩ મુજબ આરોપી ઉપર આંક-૪થી ઉપરોક્ત ગુન્હાનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામુ આરોપીને વાંચી-સંભળાવી, તે અંગે આરોપીની આંક-૫થી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે :–

| ક્રમ. | –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી પ્રકાશભાઇ કુરજીભાઇ ધામેલીયાની જુબાની. | ૦૭. |
| ૦૨. | ફરિયાદની ખરીનકલ. | ૦૮. |
| ૦૩. | સાહેદ જિજ્ઞેશભાઇ શામજીભાઇ જાદવની જુબાની. | ૦૯. |
| ૦૪. | સાહેદ મુકેશભાઇ ગેમજીભાઇ ધામેલીયાની જુબાની. | ૧૧. |
| ૦૫. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. | ૧૩. |
| ૦૬. | ઈન્કવેસ્ટ પંચનામાની ખરીનકલ. | ૧૪. |
| ૦૭. | મરણોત્તર ફોર્મની ખરીનકલો. | ૧૫, ૧૬. |
| ૦૮. | મેડીકલ નમૂના કબજે કર્યાના પંચનામાની ખરીનકલ. | ૧૭. |
| ૦૯. | પી.એમ.રીપોર્ટની ખરીનકલો. | ૧૮, ૧૯. |
| ૧૦. | એફ.એસ.એલ. રીપોર્ટની ખરીનકલ. | ૨૦. |
| ૧૧. | એફ.એસ.એલ. કચેરીની રસીદ. | ૨૧. |
| ૧૨. | ફરીયાદ પક્ષે કલોઝીંગ પુરસીસ. | ૨૨. |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા, રેકર્ડ પર આવેલ પુરાવા સંદર્ભે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવાલાયક કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીઓનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી વિ.જી.વાઘેલાની મૌખિક દલીલો સાંભળી.

(૬) સદર કેસની ઉપરોક્ત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઇઓ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતા, હાલના કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

**–: મુદ્દા :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે આ કામના ફરીયાદીના કાકા જીવરાજભાઇ તથા શામજીભાઈ બન્ને પોતાનું એચ.એફ.ડિલકસ મો.સા. નં.GJ-04-BS-0574 વાળુ લઈને તળાજા તાલુકાના રાજપરા નં.–૨ ગામથી વાડીએ કામ કરવા જતા હતા તે વખતે, રાજપરા નં.–૨ ગામના બાયપાસના છેડે પહોંચતા, આ કામના આરોપીએ મહિન્દ્રા કંપનીના BLAZO XSS મોડેલના ૨૨ ટાયરવાળા ટ્રક નં.RJ-20-GC-2447 ને પૂરઝડપે અને બેફિકરાઈથી, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના કાકા જીવરાજભાઇ તથા શામજીભાઈના મો.સા. સાથે ભટકાડી, એક્સીડેન્ટ કરી, બન્ને જણાના મૃત્યુ નિપજાવી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

(૮) ***<u>મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–</u>***

પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરિયાદ પક્ષના આરોપી મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર હોય છે. હવે, આ તબકકે, નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા **<u>AIR 1977 SUPREME COURT 170, "Rabindra Kumar Dey v. State of Orissa"</u>**ના ચુકાદામાં નીચે પ્રમાણે ઠરાવેલ છે કે,

"Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts."

*આમ, ઉપરોક્ત ચુકાદો વંચાણે લેતા પણ, તે સિધ્ધાંત જ તરી આવે છે તથા આરોપી વિરૂધ્ધનો કેસ ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવાનો રહે છે. જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ પણ શંકા જણાય તો, તેનો લાભ ચોક્કસપણે આરોપીને મળવાપાત્ર થાય છે, પરંતુ સદર શંકા વ્યાજબી હોવી જોઈએ. ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ મેથેમેટીકલ સર્ટેનિટીથી સાબિત કરવાનો નથી. જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ વ્યાજબી શંકા ન હોય તો, તે પૂરતુ છે.*

(૯) ઉપરોકત દલીલો તેમજ ફરિયાદ પક્ષે રેકર્ડ પર રજુ કરેલ પુરાવાઓનું તુલનાત્મક મુલ્યાંકન કરતા, સદર કામે આંક-૭થી ફરીયાદી પ્રકાશભાઈ કુરજીભાઈ ધામેલીયાની જુબાની રેકર્ડ થયેલ છે. આંક-૮થી ફરીયાદ રજુ છે. ફરીયાદીની જુબાની જોવામાં આવે તો, અકસ્માતમાં મરણ જનાર જીવરાજભાઈ તેમના સગા કાકા તેમજ શામજીભાઈ તેમના કાકાના ભાગીયા થાય છે. ફરીયાદી તેમની જુબાનીમાં અકસ્માતવાળા બનાવની જાણ તેમના ગામના ભરતભાઈ મનુભાઈ ધામેલીયાના ફોન ધ્વારા થયેલાનું જણાવે છે. આમ, ફરીયાદી હિયર-સે વિટનેસ છે. વધુમાં, મુકેશભાઈએ અકસ્માત જોયેલો અને તેમના કહેવા મુજબ અશોક લેલેન્ડ મોટો ટ્રક હતો તેવુ ફરીયાદી સરતપાસમાં જણાવે છે. ફરીયાદી તેમની સરતપાસમાં તેમને પાછળથી પણ અકસ્માત કરનાર વાહનનો નંબર કે, તેના ચાલકનું નામ જાણવા મળેલ નહીં તેવુ પણ સ્પષ્ટ જણાવે છે.

ફરીયાદીની આરોપી તરફેની ઉલટતપાસ જોવામાં આવે તો, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની વાત તેઓને ભરતભાઇ મનુભાઇએ ફોનથી કરેલી હોઇ, બનાવ કોની બેદરકારીથી બનેલો, તે તેઓ કહી ના શકે તેમજ બનાવમાં આરોપી જે વાહન ચલાવતો હતો, તેનો નંબર તેમણે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. આ સંજોગોમાં, ફરીયાદીના સમગ્ર પુરાવા પરથી અકસ્માતવાળો બનાવ આ કામના આરોપીની બેદરકારીથી જ સરજાયેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ ના હોઇ, ફરીયાદીનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૯થી સાહેદ જિજ્ઞેશભાઇ શામજીભાઇ જાદવની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. સદર સાહેદને અકસ્માતવાળા બનાવની જાણ મુકેશભાઇ ધામેલીયાએ કરેલ છે. જેથી સદર સાહેદ હિયર–સે વિટનેસ છે. વધુમાં, સાહેદ તેમની સરતપાસમાં અકસ્માત કરનાર વાહન રાજસ્થાન પાસિંગનું હતુ અને તેનો નંબર ર૪૪૭ હતો, પરંતુ તે કોણ ચલાવતુ હતુ, તેના ચાલકનું નામ તેમને પાછળથી પણ જાણવા મળેલ નહીં તેવુ સ્પષ્ટ જણાવે છે.

જ્યારે, આરોપી તરફેની ઉલટતપાસ જોવામાં આવે તો, સાહેદ એવી હકીકતો સ્પષ્ટપણે સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા, પરંતુ રસ્તામાં હતા અને બનાવની વાત તેઓને મુકેશભાઇએ કરેલ હોવાથી બનાવની તેઓને અંગત જાત–માહિતી નથી અને તેથી, સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને કોઇપણ રીતે ઉપયોગી થઇ શકતો નથી.

(૧૧) સદર કામે આંક–૧૧થી સાહેદ મુકેશભાઇ ગેમજીભાઇ ધામેલીયાની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. અકસ્માતમાં મરણ જનાર જીવરાજભાઇ સદર સાહેદના સગા કાકા તેમજ શામજીભાઇ તેમના કાકાના ભાગીયા થાય છે. આ સાહેદ તેમની જુબાનીમાં અકસ્માતવાળા બનાવની

હકીકતોને સમર્થન કરતો પુરાવો આપે છે, પરંતુ અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ, તેનું નામ તેમને પાછળથી પણ જાણવા મળેલ નહીં તેવુ સ્પષ્ટ જણાવે છે.

સદર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતા, એવી સ્પષ્ટ હકીકતો જણાવે છે કે બનાવ સમયે તેઓ તેમની વાડીમાં પાણી વાળતા હતા જેથી, બનાવ તેમણે નજરે જોયેલ નથી અને તેથી, બનાવ કોની બેદરકારીથી થયો, તે તેઓ જણાવી શકે નહીં. વધુમાં, તેમણે પોલીસને ટ્રકના નંબરના ચાર આંકડા જ કીધેલા, આખો નંબર તેમને યાદ ન હતો તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં ટ્રકનો આખો નંબર જણાવેલ નથી તેવી સ્પષ્ટ હકીકતો સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર છે. આ સંજોગોમાં, સદર સાહેદના સમગ્ર પુરાવા પરથી અકસ્માતવાળા બનાવમાં આ કામના આરોપીની બેદરકારી પુરવાર થઇ શકતી નથી.

**(૧૨)** ફરીયાદ પક્ષે આંક–૧૩થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૧૪થી ઈન્કવેસ્ટ પંચનામુ, આંક–૧૫ તથા આંક–૧૬થી મરણોત્તર ફોર્મ, આંક–૧૭થી મેડીકલ નમૂના કબજે કર્યાનું પંચનામુ, આંક–૧૮ તથા આંક–૧૯થી પી.એમ.રીપોર્ટ, આંક–૨૦થી એફ.એસ.એલ. રીપોર્ટ તેમજ આંક–૨૧થી એફ.એસ.એલ. કચેરીની રસીદ રજુ થયેલ છે, પરંતુ આંક–૮થી રજુ ફરિયાદ કે, જે હાલના કામે મુખ્ય પુરાવો છે, તેને જ ફરિયાદ પક્ષે નિ:શંક –પણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવા કે જે ગૌણ પુરાવા છે તેના ઉપર આધાર રાખી, આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૩)** આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરિયાદ પક્ષ એવી હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે બનાવ સમયે આ કામના ફરીયાદીના કાકા જીવરાજભાઇ તથા શામજીભાઇ બન્ને પોતાનું એચ.એફ. ડિલક્સ મો.સા. નં.GJ-04-BS-0574 વાળુ લઈને તળાજા તાલુકાના

રાજપરા નં.–૨ ગામથી વાડીએ કામ કરવા જતા હતા તે વખતે, રાજપરા નં.–૨ ગામના બાયપાસના છેડે પહોંચતા, આ કામના આરોપીએ મહિન્દ્રા કંપનીના BLAZO XSS મોડેલના ૨૨ ટાયરવાળા ટ્રક નં.RJ-20-GC-2447 ને પૂરઝડપે અને બેફિકરાઈથી, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના કાકા જીવરાજભાઈ તથા શામજીભાઈના મો.સા. સાથે ભટકાડી, એક્સીડેન્ટ કરી, બન્ને જણાના મૃત્યુ નિપજાવેલ. આ સંજોગોમાં, આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વધુમાં, ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા મુજબનું તહોમત એટલે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

i. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા સબબ શંકાનો લાભ આપી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ii. નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યે, નાશ કરવો.

iii. આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૪, માહે–જુન, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.